રજીસ્ટ્રેશન પહોંચ

પહોંચ નંબર: ૨૦૧૨૦૦૬૦૦૧૫૬૮ દસ્તાવેજ નંબર: ૮૭૧ દસ્તાવેજ વર્ષ: ૨૦૧૨

તા. ૩૧ માહે: ૧ સને ૨૦૧૨

દસ્તાવેજનો પ્રકાર ભાગીદારીનો લેખ — અવેજ Rs.૬૪૫૮૮૦૦૦.૦૦

રજુ કરનારનું નામ મહેન્દ્રભાઈ જીણાભાઈ વાડદોરીયા

| નીચે પ્રમાણે ફી પહોંચી | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી ..... ..... ..... ..... ..... | ૬૪૫૮૮૦ |
| નકલ કરવાની ફી સાઇડ/ફોલીયો ..... ..... ..... ..... | ૨૨૦ |
| શેરોની નકલ કરવા માટે ફી ..... ..... ..... ..... ..... | ૦ |
| ટપાલ ખર્ચ ..... ..... ..... ..... ..... | ૦ |
| નકલો અથવા યાદીઓ (કલમો ૬૪ થી ૬૭) ..... ..... | ૦ |
| શોધ અગર તપાસણી ..... ..... ..... ..... ..... | ૦ |
| દંડ કલમ-૨૫ ..... ..... ..... ..... ..... | ૦ |
| કલમ-૩૪ (કલમ-૫૭) ..... ..... ..... ..... ..... | ૦ |
| નકલ ફી ફોલીયો ..... ..... ..... ..... ..... | ૦ |
| ઇન્ડેક્ષ-૨ ફી ..... ..... ..... ..... ..... | ૦ |
| આ સિવાયની બાબતોની ફી | |
| કુલ એકંદરે | ૬૪૬૧૦૦ |

( અંકે રુપિયા છ લાખ સેતાલીસ હજાર એકસો પુરા. )

દસ્તાવેજ / નકલ ----------ના દિવસે તૈયાર થશે અને---------- તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં / કચેરીમાં આપવામાં ----------આવશે.

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો
૧૧, રાધાકૃષ્ણ ફ્લેટ, બાપુનગર, અમદાવાદ

અગર ને આપશો.

અસલ લેખ પરત મળેલ છે.

રજુ કરનારની સહી

( મા.ધ.મકવાણા )
સબ રજીસ્ટ્રાર
અમદાવાદ-૬(નરોડા)
ઓ-૨,ન્યુ મેન્ટલ હોસ્પીટલ કંપાઉન્ડ
મેઘાણીનગર,
અમદાવાદ-૧૬

સબ-રજીસ્ટ્રાર કચેરી. અમદાવાદ-૬(નરોડા)

ગામનુ નામ - મુઠીયા

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવુ) | સરવે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર (જો કંઇ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામા આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનુ નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનુ નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનુ નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનુ નામ | તારીખ સહીની / નોંધણીની | અનુક્રમ, વોલ્યુમ અને પૃષ્ઠ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| ભાગીદારીનો લેખ<br>રૂ.૬૪૫૮૮૦૦૦=૦૦ | સ.નં.-૨૨૬,૨૨૭ ટી.પી.-૨૪૩<br>એફ.પી.-૫૮,૫૯ ની ચો.મી. ૧૬૧૪૭<br>ઔદ્યોગિક હેતુની બીનખેતીની જમીન | | | મહેન્દ્રભાઈ જીણાભાઈ વાડદોરીયા<br>જગદીશભાઈ જીણાભાઈ વાડદોરીયા<br>ભુપતભાઈ સવજીભાઈ ભાલાળા<br>ઘનશ્યામભાઈ સવજીભાઈ ભાલાળા<br>કિશોરભાઈ મોહનભાઈ બગડીયા<br>નરેશભાઈ મોહનભાઈ કેવડીયા<br>ભીમજીભાઈ કેશુભાઈ કાકડીયા<br>ગોપાળભાઈ ભીમજીભાઈ નાવડીયા | રાધાકૃષ્ણ ડેવલોપર્સ | ૩૧/૦૧/૨૦૧૨<br>૩૧/૦૧/૨૦૧૨ | ૮૭૧ | |

મુકાબલ કરનાર D.K.Parmar

ખરી નકલ

સબ-રજીસ્ટ્રાર
અમદાવાદ-૬(નરોડા)

Suresh S ની તારીખ: ૦૩/૦૨/૨૦૧૨ ના રોજની

અરજી નંબર : ૮૮૧ ઉપરથી નકલ આપી

પહોંચ નંબર: ૨૦૧૨૦૦૬૦૦૧૮૩૫

તારીખ: ૦૩/૦૨/૨૦૧૨ ૪:૩૪:૪૭ PM

સબ-રજીસ્ટ્રાર
અમદાવાદ-૬(નરોડા)

નોંધ : કોમ્પ્યુટર પ્રિન્ટમાં કોઇ પણ રીતે કરેલ સુધારો માન્ય ગણાશે નહી.
Ver - 2.2.6

AHD-6/NRD

भारतीय गैर न्यायिक INDIA NON JUDICIAL

दस हजार रुपये

रु. 10000

Rs. 10000

TEN THOUSAND RUPEES

भारत

सत्यमेव जयते

INDIA

ગુજરાત गुजरात GUJARAT

564441

નંબર: ૫૪૭૪ રૂ. ૧૦,૦૦૦/-

તારીખ: ૯ માહે ડિ સને૨૦૧૧

નામ: રાધાકૃષ્ણ ડેવલોપર્સ વતી ભરતભાઈ કુમાર પટેલ

ઠેકાણું: ૧૧, રાધાકૃષ્ણ ફ્લેટ, ઈન્ડિયા કોલોની, બાપુનગર, અમદાવાદ.

મોનીકાબેન દિપકકુમાર શાહ

લા.નં.એસ.બી.૪૦૬/૪૦૭ ૧૯૯૮

અમદાવાદ સ.ર.ઓફીસની બાજુમાં

AHD-6/NRD

871 1 1

2012



THE SEAL OF THE SUB REGISTRAR OF NARODA, AHMEDABAD-6

ભાગીદારી દસ્તાવેજ

રાધાકૃષ્ણ ડેવલપર્સ

આપણે નીચે સહી કરનારાઓ :-

એક તરફવાળા :- મહેન્દ્રભાઈ જીણાભાઈ વાડદોરીયા

જેમનો પાન નં. ABJPP9172C.

ઉંમર : પુખ્તવયના, ધંધો : ખેતી, ધરમે : હિન્દુ, રહેવાસી : ૧૧, રાધાકૃષ્ણ ફ્લેટ, ઈન્ડિયા કોલોની, બાપુનગર, અમદાવાદના.

31 JAN 2012

THE SEAL OF SUB-REGISTRAR OF NARODA, AHMEDABAD

AHD-6/NRD
871 -2/19
2012



જગદીશભાઈ જીણાભાઈ વાડદોરીયા
જેમનો પાન નં. ACIPV9008M.
ઉંમર : પુખ્તવયના, ધંધો : ખેતી, ધરમે : હિન્દુ, રહેવાસી : એ-૩૭, હરીઓમ સોસાયટી, ઈન્ડિયા કોલોની રોડ, ઠક્કરબાપાનગર, અમદાવાદના.

| | | |
|---|---|---|
| ત્રીજી તરફવાળા | :- | **ભુપતભાઈ સવજીભાઈ ભાલાળા**<br>જેમનો પાન નં. ABCPB2246C.<br>ઉંમર : પુખ્તવયના, ધંધો : ખેતી, ધરમે : હિન્દુ, રહેવાસી : ૩૯, વિક્રમ પાર્ક, બજરંગદાસ આશ્રમની સામે, ઠક્કરબાપાનગર, અમદાવાદના. |
| ચોથી તરફવાળા | :- | **ઘનશ્યામભાઈ સવજીભાઈ ભાલાળા**<br>જેમનો પાન નં. ABCPB2247D.<br>ઉંમર : પુખ્તવયના, ધંધો : ખેતી, ધરમે : હિન્દુ, રહેવાસી : ૬૨, સોનલ પાર્ક વિ-૧, એલ.બી. શાસ્ત્રી સ્ટે. રોડ, સૈજપુર બોઘા, અમદાવાદના. |
| પાંચમી તરફવાળા | :- | **કિશોરભાઈ મોહનભાઈ બગડીયા**<br>જેમનો પાન નં. AAMPB8895J<br>ઉંમર : પુખ્તવયના, ધંધો : ખેતી/વેપાર, ધરમે : હિન્દુ, રહેવાસી : ૬૦, ધર્મજીવન ટેનામેન્ટ, હિરાવાડી રોડ, સૈજપુરબોઘા, અમદાવાદના. |
| છઠ્ઠી તરફવાળા | :- | **નરેશભાઈ મોહનભાઈ કેવડીયા**<br>જેમનો પાન નં.<br>ઉંમર : પુખ્તવયના, ધંધો : ખેતી/વેપાર, ધરમે : હિન્દુ, રહેવાસી : ૨૦, ગ્રીન પેલેસ, ઈન્ડિયા કોલોની, બાપુનગર, અમદાવાદના. |
| સાતમી તરફવાળા | :- | **ભીમજીભાઈ કેશુભાઈ કાકડીયા**<br>જેમનો પાન નં. AFMPK5639L<br>ઉંમર : પુખ્તવયના, ધંધો : ખેતી/વેપાર, ધરમે : હિન્દુ, રહેવાસી : બી-૧૬, માતૃશક્તિ સોસાયટી, બાપુનગર, અમદાવાદના. |

31 JAN 2012

AHD-6/NRD
871 | 3 | 19
2012



આઠમી તરફવાળા :- ગોપાળભાઈ ભીમજીભાઈ નાવડીયા
જેમનો પાન નં. AAKPN8532A
ઉંમર : પુખ્તવયના, ધંધો : ખેતી/વેપાર, ધરમે : હિન્દુ, રહેવાસી : ૯, જીવરાજ પાર્ક સોસાયટી, ચિરાગ ડાયમંડની સામે, બાપુનગર, અમદાવાદના.

આપણે એક તરફવાળા થી આઠમી તરફવાળાઓ વચ્ચે તા.૦૯-૦૬-૨૦૧૧ ના રોજ ભાગીદારી તરીકે ધંધો ચાલુ કરવાનું નકકી કરેલ તેનો આ લેખીતમાં આજ તા.૦૯-૧૦-૨૦૧૧ ના રોજ આ ભાગીદારીનો દસ્તાવેજ કરવામાં આવેલ છે.

જત આપણે તમામ ભાગીદારોએ સાથે મળીને તા.૦૯-૦૬-૨૦૧૧ ના રોજથી **"રાધાકૃષ્ણ ડેવલપર્સ"** ના નામથી શહેર અમદાવાદમાં ભાગીદારીમાં મુખ્યત્વે બિલ્ડીંગ ઓર્ગેનાઈઝર, ડેવલપર્સ, કોન્ટ્રાક્ટર, પેટા કોન્ટ્રાક્ટર, કન્સલટન્ટ, ફાઈનાન્સર, લેબર કોન્ટ્રાક્ટર, બિલ્ડીંગ મટીરીયલ્સ સપ્લાયર્સ, જમીન ખરીદી વેચાંણ અને જમીનમાં પ્લોટીંગ કરીને વેચાણ કરવા કરાવવાનો અને તે જમીનમાં બાંધકામ કરવા કરાવવાનો અને તે જમીનમાં બાંધકામ કરીને તૈયાર મકાનો/દુકાનો વેચાવાનો અને તેને લગતી તમામ પ્રકારની આનુસાંગિક પ્રવૃતિઆનો ધંધો શરૂ કરેલ છે.

(૧).. આ ભાગીદારી પેઢીનું નામ **"રાધાકૃષ્ણ ડેવલપર્સ"** રાખેલ છે. તે આપણે તમામ ભાગીદારોની સંમતીથી ભાગીદારી પેઢીના નામમાં ફેરફાર કરી શકાશે.

(૨).. સદરહુ ભાગીદારી પેઢીના ધંધાનુ મુખ્ય સ્થળ: **"રાધાકૃષ્ણ ડેવલપર્સ"** ૧૧, રાધાકૃષ્ણ ફ્લેટ, ઈન્ડિયા કોલોની, બાપુનગર, અમદાવાદ મુકામે રહેશે. તેમજ આ સિવાય તમામ ભાગીદારોની પરસ્પર સમજુતી મુજબ સ્થળ અંગે ફેરફાર કરી શકાશે તેમજ અન્ય જગ્યાએ ઓફીસો અને શાખાઓ ખોલી શકાશે.

(૩).. આ ભાગીદારી પેઢી તારીખ : ૦૯-૦૬-૨૦૧૧ ના રોજથી સ્થપાયેલી ગણાશે.

(૪).. સદરહુ પેઢીનો ધંધો મુખ્યત્વે કરીને બિલ્ડીંગ ઓર્ગેનાઈઝર, ડેવલપર્સ, કોન્ટ્રાક્ટર, પેટા કોન્ટ્રાક્ટર, કન્સલટન્ટ, ફાઈનાન્સર, લેબર કોન્ટ્રાક્ટર, બિલ્ડીંગ મટીરીયલ્સ સપ્લાયર્સ, જમીન ખરીદી વેચાણ અને જમીનમાં પ્લોટીંગ કરીને વેચાણ કરવા કરાવવાનો અને તે જમીનમાં બાંધકામ કરવા કરાવવાનો અને તે જમીનમાં બાંધકામ કરીને તૈયાર મકાનો/દુકાનો વેચાવાનો અને તેને લગતી તમામ પ્રકારની આનુસાંગિક પ્રવૃતિઆનો ધંધો શરૂ કરેલ છે. તથા આ ધંધાને આનુસાંગીક કોઈપણ પ્રકારનો ધંધો કરી શકશે. સદરહું પેઢી શેર/સ્ટોકનો ધંધો, કમીશન, એજન્ટ આડત, દલાલીનો ધંધો કરી શકશે નહીં. વળી ધંધાના વિકાસ અર્થ અન્ય વ્યકિતઓ, પ્રાઈવેટ કે પબ્લીક કંપની, કંપનીઓને ભાગીદારી/ભાગીદારો તરીકે પરસ્પર સમજુતીથી લઈ શકશે.

24 JAN 2012

THE SEAL OF THE SUB REGISTRAR OF NARODA AHMEDABAD
સબ-રજીસ્ટ્રારનો સિક્કો



AHD-6/NRD
871 4 19
2012

(૫).. આ ભાગીદારી પેઢીનું હિસાબી વર્ષ નાણાંકીય વર્ષ પ્રમાણે રહેશે. અર્થાત ૧ એપ્રિલ થી ૩૧ મી માર્ચની રોજ સુધીનું રહેશે.

(૬).. મોજે ગામ મુઠીયા, તા.દસ્કોઈની સીમના સર્વે નં. ૨૨૬ ની રેવન્યુ રેકર્ડ મુજબની હે.આરે. ચો.મી. ૦-૫૭-૬૭ યાને કે ૫૭૬૭ ચો.મી. જમીન જેનો ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૨૪૩ માં સમાવેશ થતાં તે અન્વયે ફાળવવામાં આવેલ ફા. પ્લોટ નં. ૫૮ ની ૩૪૬૦ ચો.મી. ઔધોગીક હેતુ માટે બીનખેતી થયેલી જમીન એકતરફવાળા ભાગીદાર મહેન્દ્રભાઈ જીણાભાઈ વાડદોરીયા તથા બીજીતરફવાળા ભાગીદાર જગદીશભાઈ જીણાભાઈ વાડદોરીયા તથા ત્રીજીતરફવાળા ભાગીદાર ભુપતભાઈ સવજીભાઈ ભાલાળા તથા ચોથીતરફવાળા ભાગીદાર ધનશ્યામભાઈ સવજીભાઈ ભાલાળાની માલીકીની આવેલ છે સદર બીનખેતીની જમીનની કિંમત રૂા.૭૮,૦૦,૦૦૦/- અંકે રૂપિયા ઈઠયોતેર લાખ પુરાની ગણતરી કરીને તેટલી રકમમાંથી એકતરફવાળા ભાગીદાર મહેન્દ્રભાઈ જીણાભાઈ વાડદોરીયાના મુડીખાતે રૂા.૧૯,૫૦,૦૦૦/- અંકે રૂપિયા ઓગણીસ લાખ પચાસ હજાર પુરા તથા બીજીતરફવાળા ભાગીદાર જગદીશભાઈ જીણાભાઈ વાડદોરીયાના મુડીખાતે રૂા.૧૯,૫૦,૦૦૦/- અંકે રૂપિયા ઓગણીસ લાખ પચાસ હજાર પુરા તથા ત્રીજીતરફવાળા ભાગીદાર ભુપતભાઈ સવજીભાઈ ભાલાળાના મુડીખાતે રૂા.૧૯,૫૦,૦૦૦/- અંકે રૂપિયા ઓગણીસ લાખ પચાસ હજાર પુરા તથા ચોથીતરફવાળા ભાગીદાર ધનશ્યામભાઈ સવજીભાઈ ભાલાળાના મુડીખાતે રૂા.૧૯,૫૦,૦૦૦/- અંકે રૂપિયા ઓગણીસ લાખ પચાસ હજાર પુરા તે મુજબ જમા કરીને સદર ૩૪૬૦ ચો.મી. બીનખેતી થયેલી જમીન ભાગીદારી પેઢીમાં મુડી તરીકે લાવવાનું નકકી કરવામાં આવેલ છે.

તેમજ મોજે ગામ મુઠીયા, તા.દસ્કોઈની સીમના સર્વે નં. ૨૨૭ ની રેવન્યુ રેકર્ડ મુજબની હે.આરે. ચો.મી. ૨-૧૧-૪૫ યાને કે ૨૧૧૪૫ ચો.મી. જમીન જેનો ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૨૪૩ માં સમાવેશ થતાં તે અન્વયે ફાળવવામાં આવેલ ફા. પ્લોટ નં. ૫૯ ની ૧૨૬૮૭ ચો.મી. ઔધોગીક હેતુ માટે બીનખેતી થયેલી જમીન પાંચમીતરફવાળા ભાગીદાર કિશોરભાઈ મોહનભાઈ બગડીયા તથા છઠ્ઠીતરફવાળા ભાગીદાર નરેશભાઈ મોહનભાઈ કેવડીયા તથા સાતમીતરફવાળા ભાગીદાર ભીમજીભાઈ કેશુભાઈ કાકડીયા તથા આઠમીતરફવાળા ભાગીદાર ગોપાળભાઈ ભીમજીભાઈ નાવડીયાની માલીકીની આવેલ છે સદર બીનખેતીની જમીનની કિંમત રૂા.૧૧,૧૪,૦૦૦/- અંકે રૂપિયા અગીયાર લાખ ચૌદ હજાર પુરાની ગણતરી કરીને તેટલી રકમમાંથી પાંચમીતરફવાળા ભાગીદાર કિશોરભાઈ મોહનભાઈ બગડીયાના મુડીખાતે રૂા.૨,૭૮,૫૦૦/- અંકે રૂપિયા બે લાખ ઈઠયોતેર હજાર પાંચસો પુરા તથા છઠ્ઠીતરફવાળા ભાગીદાર નરેશભાઈ મોહનભાઈ કેવડીયાના મુડીખાતે રૂા.૨,૭૮,૫૦૦/- અંકે રૂપિયા બે લાખ ઈઠયોતેર હજાર પાંચસો પુરા તથા સાતમીતરફવાળા ભાગીદાર ભીમજીભાઈ કેશુભાઈ કાકડીયાના મુડીખાતે રૂા.૨,૭૮,૫૦૦/- અંકે રૂપિયા બે લાખ ઈઠયોતેર હજાર

પાંચસો પુરા તથા આઠમીતરફવાળા ભાગીદાર ગોપાળભાઈ ભીમજીભાઈ નાવડીયાના મુડીખાતે રૂા.૨,૭૮,૫૦૦/- અંકે રૂપિયા બે લાખ ઈઠ્યોતેર હજાર પાંચસો પુરા તે મુજબ જમા કરીને સદર ૧૨૬૮૭ ચો.મી. બીનખેતી થયેલી જમીન ભાગીદારી પેઢીમાં મુડી તરીકે લાવવાનું નકકી કરવામાં આવેલ છે જેનું પરિશિષ્ટ નીચે મુજબ છે.

પરિશિષ્ટ

જત ડિસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ અમદાવાદ-૬ (નરોડા) ના દશકોઈ તાલુકાના મોજે મુઠીયાની સર્વે નં. ૨૨૬ ની રેવન્યુ રેકર્ડ મુજબની હે.આરે. ચો.મી. ૦-૫૭-૬૭ યાને કે ૫૭૬૭ ચો.મી. જમીન જેનો ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૨૪૩ માં સમાવેશ થતાં તે અન્વયે ફાળવવામાં આવેલ ફા. પ્લોટ નં. ૫૮ ની ૩૪૬૦ ચો.મી. તેમજ સર્વે નં. ૨૨૭ ની રેવન્યુ રેકર્ડ મુજબની હે.આરે. ચો.મી. ૨-૧૧-૪૫ યાને કે ૨૧૧૪૫ ચો.મી. જમીન જેનો ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૨૪૩ માં સમાવેશ થતાં તે અન્વયે ફાળવવામાં આવેલ ફા. પ્લોટ નં. ૫૯ ની ૧૨૬૮૭ ચો.મી. ની મળી કુલ્લે ૧૬૧૪૭ ચો.મી. ઔધોગીક હેતુ માટે બીનખેતી થયેલી જમીન જેના ખુંટ ચારની વિગત નીચે મુજબ છે.

**-: સર્વે નં. ૨૨૬ ની ખુંટ ચારની વિગત :-**

પૂર્વે :- સર્વે નં. ૨૨૭ વાળી જમીન

પશ્ચિમ :- સર્વે નં. ૨૦૩ વાળી જમીન અને જી.ઈ.બી.નો કોટ

ઉત્તર :- રણાસણના બ્લોક નં. ૨૩ વાળી જમીન

દક્ષિણ :- સર્વે નં. ૨૨૭ વાળી જમીન

THE SEAL OF THE SUB REGISTRAR OF ... AHMEDABAD-6
સબ-રજીસ્ટ્રારનો સિક્કો ... અમદાવાદ-૬

**-: સર્વે નં. ૨૨૭ ની ખુંટ ચારની વિગત :-**

પૂર્વે :- સર્વે નં. ૨૨૮ વાળી જમીન

પશ્ચિમ :- સર્વે નં. ૨૨૬ વાળી જમીન

ઉત્તર :- રણાસણના બ્લોક નં. ૨૩ વાળી જમીન

દક્ષિણ :- સર્વે નં. ૨૨૩ વાળી જમીન

આમ સર્વે નં. ૨૨૬ ની ૩૪૬૦ ચો.મી. તથા સર્વે નં. ૨૨૭ ની ૧૨૬૮૭ ચો.મી. મળી કુલ્લે ૧૬૧૪૭ ચો.મી. બીનખેતીની જમીન ઉપર બાંધકામના પ્લાનો મંજુર કરવાની અને તે મંજુર થયેલ પ્લાનો મુજબનું બાંધકામ કરીને બજાર કિમંત ધ્યાનમાં લઈ ને જમીન/બાંધકામ સહિતની મીલકત વેચાણ આપવાનું કામકાજ ભાગીદારી પેઢીએ કરવાનું રહેશે અને તેવા કામકાજ અંગે રેવન્યુ

21 JAN 2012

AHD-6/NRD

871 | 6 | 19

2012



રેકર્ડમાં એકતરફવાળા ભાગીદાર મહેન્દ્રભાઈ જીણાભાઈ વાડદોરીયા તથા બીજીતરફવાળા ભાગીદાર જગદીશભાઈ જીણાભાઈ વાડદોરીયા તથા ત્રીજીતરફવાળા ભાગીદાર ભુપતભાઈ સવજીભાઈ ભાલાળા તથા ચોથીતરફવાળા ભાગીદાર ઘનશ્યામભાઈ સવજીભાઈ ભાલાળા તથા પાંચમીતરફવાળા ભાગીદાર કિશોરભાઈ મોહનભાઈ બગડીયા તથા છઠ્ઠીતરફવાળા ભાગીદાર નરેશભાઈ મોહનભાઈ કેવડીયા તથા સાતમીતરફવાળા ભાગીદાર ભીમજીભાઈ કેશુભાઈ કાકડીયા તથા આઠમીતરફવાળા ભાગીદાર ગોપાળભાઈ ભીમજીભાઈ નાવડીયાનુ નામ આવેલ હોઈ જેથી એકતરફવાળા થી આઠમી તરફવાળા તમામ ભાગીદારોની મીલકતના તેવા કામકાજ અંગે પોતાની સહી અને મતુ વ્યકિતગત રીતે રાખવાનું રહેશે તેવું નકકી કરવામાં આવે છે.

(૭).. આ પેઢી ઉપરોકત ધંધા સિવાયનો કોઈપણ જાતનો ધંધો એકતરફવાળા થી આઠમી તરફવાળા તમામ ભાગીદારોની પરસ્પરની સમજુતીથી કરી શકશે. પંરતું કોઈપણ ભાગીદાર કોઈપણ સંજોગોમાં સટ્ટો અથવા તેવા પ્રકારનો બીજો કોઈપણ ધંધો કરી શકશે નહીં. જો કોઈપણ ભાગીદાર સટ્ટો અથવા તેવા પ્રકારનો બીજો કોઈપણ ધંધો કરે તો તે અંગેની સઘળી જવાબદારી તેની પોતાની અંગત રહેશે. તદઉપરાંત કોઈપણ ભાગીદાર સદર ભાગીદારી પેઢીના નામથી પોતે સ્વતંત્ર અને વ્યકિતગત ધંધો કરી શકશે નહીં.

(૮).. સદરહું ભાગીદારી પેઢીનું સર્વોત્તમ હિત ધ્યાનમાં રાખીને પરસ્પરની સમજૂતીથી નકકી કર્યા મુજબ પેઢીમાં મૂડીનું રોકાણ કરવાનું રહેશે.

(એ).. ભાગીદારોએ તેમણે કરેલ મૂડી રોકાણ એટલે કે તેમના બાંધી મુદત, ચાલુ કે લોન ખાતામાં જે રકમ જમા હોય તેના ઉપર પેઢીએ સાદુ વાર્ષિક વ્યાજ ૧૨ ટકા લેખે અથવા ઈન્કમટેક્ષ કાયદાની કલમ ૪૦-બી (૪) અથવા જે તે હિસાબી વર્ષને લાગુ પડતી ઈન્કમટેક્ષ કાયદાની અમલમાં હોય તેવી અન્ય જોગવાઈઓ મુજબ વ્યાજ ચુકવવાનું અર્થાત જમા ખર્ચ કરવાનું રહેશે. તેમજ ભાગીદારના મૂડી પરના વ્યાજ દરમાં ભાગીદારોની પરસ્પરની સમજુતીથી ફેરફાર કરી શકાશે.

(બી).. ધંધામાં વધારાની મૂડીની જરૂરીયાત ઉભી થાય તો પરસ્પર સમજૂતીથી નકકી કરેલ પ્રમાણમાં દરેક ભાગીદારે વધારાની મૂડી લાવવાની રહેશે અને તે મુજબ વ્યાજની ચુકવણી કે જમા ખર્ચ કરવાનું રહેશે.

(સી).. તદઉપરાંત ધંધાની જરૂરીયાત અનુસાર વધારાની મૂડીની જરૂર પડે તો બેંક, શ્રોફ કે અન્ય નાણાંકીય સંસ્થાઓ પાસેથી ભાગીદારોએ વખતોવખત નક્કી કરેલ શરતોને આધીન બહારથી લાવવામાં આવશે.

31 JAN 2012

THE SEAL OF THE SUB REGISTRAR OF ... AHMEDABAD — સબ-રજીસ્ટ્રારનો સિક્કો

AHD-6/NRD 871 / 2012



(ડી).. ભાગીદારોને [illegible] વ્યાજ ચુકવાતા કરતા પહેલા જો ધંધામાં ખોટ હોય તો વ્યાજ આપવામાં આવશે નહીં. તદ્ઉપરાંત એવી પણ સર્વ સંમતી આપવામાં આવી છે કે પેઢીનો નફો પુરતા પ્રમાણમાં ન હોયતો ઉપરોકત દરે વ્યાજ ભાગીદારી પેઢીના નફા પુરતુ મર્યાદીત રહેશે.

(ઈ).. જો ભાગીદારોના ખાતાઓમાં ઉધાર બાકી હોય કે ભાગીદારોએ જમા કરાવેલ રકમ કરતા વધારે રકમ ઉપાડી હોય તો ભાગીદારોએ ઉપર પેરા ૮ (એ) માં દર્શાવેલ દરે જે તે વર્ષનું થતું વ્યાજ ચુકવવાનું રહેશે.

(૯).. આથી સ્પષ્ટતા પૂર્વક નકકી કરવાનું આવ્યું છે કે પેઢીના એક તરફવાળા થી આઠમી તરફવાળા એ તમામ ભાગીદારો પેઢીના ધંધાના વ્યવહારો સંચાલન અને વહીવટમાં તેમનો સમય શકિત, સ્વઅનુભવ, કાર્ય ચતુરી દ્વારા સક્રિય ભાગ લઈ સલાહ શુભનિષ્ઠાથી અને પેઢીના હિતમાં ધંધો કરી શકશે.

(૧૦).. આથી સ્પષ્ટતા પૂર્વક નકકી કરવાનું આવ્યું છે કે પેઢીના આપણે તમામ ભાગીદારોએ પેઢીના ધંધાના વ્યવહારો સંચાલન અને વહીવટમાં તેમનો સમય શકિત, સ્વઅનુભવ, કાર્ય ચતુરી દ્વારા સક્રિય ભાગ લઈ સલાહ શુભનિષ્ઠાથી અને પેઢીના હિતમાં ધંધો કરી શકશે તે ઉપરાંત ફરીથી સ્પષ્ટતા પૂર્વક સર્વ સંમિતી સાધવામાં આવી છે. કે આપણે તમામ ભાગીદારોને પેઢીના સક્રિય ભાગીદાર તરીકે પેઢીનું કામકાજ અને સંચાલન કરવાનું રહેશે.

(૧૧).. ભાગીદારો વચ્ચે થયેલ અંદરો અંદરની સમજુતી અનુસાર ભાગીદારો તેમના સ્થાયી મુડીખાતામાં કે ચાલુ કે લોન ખાતામાં જમા થવાની રકમોમાંથી કે વર્ષ આખરે તેમના જમા થયેલ નફાની રકમ અગર વ્યાજની રકમ સામે ઉપાડ કરી શકશે. અને જો ભાગીદારોના ઉપર દર્શાવેલ ખાતાઓમાં જમા રકમ કરતા ઉપાડ વધારે હોય તો આ રીતે કરેલ વધારાનો ઉપાડ ભાગીદારની લોન ગણાશે.

(૧૨).. ભાગીદારોને ઉપર દર્શાવયા મુજબ ચુકવવા પાત્ર થતા વ્યાજની રકમમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવો હશે તો વધારાનો દસ્તાવેજ (સપ્લીમેન્ટ્રી ડીડ) કરીને ફેરફાર કરી શકશે અને વધારાના ભાગીદારી દસ્તાવેજમાં દર્શાવેલ તારીખથી તેનો અમલ કરવાનો રહેશે અને વધારાનો દસ્તાવેજ (સપ્લીમેન્ટ્રી ડીડ) આ ભાગીદારી દસ્તાવેજમાંનો ભાગ ગણાંશે.

(૧૩).. આ ભાગીદારી પેઢી અંગેનો સઘળા ખર્ચાઓ જેવા કે પગાર, ભાડું, કમીશન, દલાલી, વ્યાજ વટાવ, આડત, ધર્માદો, વીમો, કાનુની ખર્ચ, વકીલ ફી, મુસાફરી ખર્ચ, તાર ટપાલ ખર્ચ, ટેલીફોન ખર્ચ, રીપેરીંગ, ઘસારો, ઘાલખાધ તથા આ દસ્તાવેજમાં દર્શાવ્યા અનુસાર ભાગીદારોને ચુકવેલ

૨ 1 JAN 2012

AHD-6/NRD
871 8/19
2012



અથવા ચુકવવાપાત્ર થયેલ વ્યાજ અને આપણે તમામ ભાગીદારોને ચુકવવાપાત્ર જવાબદારીઓ વિગેરે ખર્ચા તથા ભાગીદારોને યોગ્ય લાગે તે સઘળા ખર્ચાઓનું જમા ખર્ચ નાખ્યા બાદ રહેલ ચોખ્ખા નફા કે નુકસાનની રકમ કે મૂડી નુકસાનીની રકમ એક રૂપિયાના સો નવા પૈસા લેખે ભાગીદારો વચ્ચે નીચે મુજબ વહેંચી લેવાની રહેશે.

| અ.નં. | ભાગીદારોના નામ | નફામાં | નુકશાનમાં |
|---|---|---|---|
| ૧. | મહેન્દ્રભાઈ જીણાભાઈ વાડદોરીયા | ૫.૩૫ % | ૫.૩૫ % |
| ૨. | જગદીશભાઈ જીણાભાઈ વાડદોરીયા | ૫.૩૫ % | ૫.૩૫ % |
| ૩. | ભુપતભાઈ સવજીભાઈ ભાલાળા | ૫.૩૫ % | ૫.૩૫ % |
| ૪. | ઘનશ્યામભાઈ સવજીભાઈ ભાલાળા | ૫.૩૫ % | ૫.૩૫ % |
| ૫. | કિશોરભાઈ મોહનભાઈ બગડીયા | ૧૯.૬૫ % | ૧૯.૬૫ % |
| ૬. | નરેશભાઈ મોહનભાઈ કેવડીયા | ૧૯.૬૫ % | ૧૯.૬૫ % |
| ૭. | ભીમજીભાઈ કેશુભાઈ કાકડીયા | ૧૯.૬૫ % | ૧૯.૬૫ % |
| ૮. | ગોપાળભાઈ ભીમજીભાઈ નાવડીયા | ૧૯.૬૫ % | ૧૯.૬૫ % |
| | | ૧૦૦% | ૧૦૦% |

THE SEAL OF THE SUB REGISTRAR OF ... AHMEDABAD-6

(૧૪).. સદરહું ભાગીદારી પેઢીમાં તમામ ખર્ચાઓ, ભાગીદારોનું મુડી ઉપરનું વ્યાજ વિગેરે સૌ પ્રથમ નફામાંથી ચુકવાશે. ત્યારબાદ ભાગીદારોની મુડીમાંથી ચુકવાશે અને તેમ છતાં પણ ખાધ રહે તો ભાગીદારોના ઉપર જણાવેલ નફાનુકસાનના પ્રમાણમાં મુડીમાંથી ચુકવાશે.

(૧૫).. ભાગીદારોએ બેન્ક અથવા શરાફી પેઢીમાં ભાગીદારી પેઢીના નામે ખાતાઓ ખોલાવી શકશે અને સદરહુ ખાતાઓમાં તમામ ભાગીદારોએ અંદરો અંદર નકકી કર્યા મુજબ તમામ ભાગીદારોમાંથી કોઈપણ બે ભાગીદારોની સંયુકત સહીથી ઓપરેટ કરવાના રહેશે તથા બેંકો અને શરાફી પેઢીઓ સાથે લોન કે અન્ય બેંક ફેસીલીટીના તમામ વ્યવહારો ઉપરોક્ત તમામ ભાગીદારોની સંયુકત સહી સમંતી અને જવાબદારીથી કરશે.

(૧૬).. આ ભાગીદારી પેઢી જ્યાં સુધી આપણા તમામ ભાગીદારીની ઈચ્છા હશે ત્યા સુધી ચાલુ રહેશે અર્થાત આ ભાગીદારી પેઢી "પાર્ટનર એટવીલ" છે.

(૧૭).. આપણી ભાગીદારી પેઢીના ભાગીદારોની જવાબદારી ભાગીદારી પેઢીના ધંધા પુરતી મર્યાદીત છે. ભાગીદારોના અંગત દેવા-લેણાં અગર વેપાર સંબંધી જવાબદારી અંગે પેઢી કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં અને તેની જવાબદારી જે તે ભાગીદારની આગવી રહેશે.

31 JAN 2012

SEAL OF THE SUB REGISTRAR OF ... AHMEDABAD

AHD-6/NRD

871 | 9 | 19

2012

-: ૯ :-

(૧૮).. કોઈપણ ભાગીદાર ભાગીદારી પેઢીમાંથી બીજા ભાગીદારને પોતાના છુટા થવાની ઈચ્છા દર્શાવતી લેખીત નોટીસ ત્રણ માસ અગાઉ આપી પેઢી સાથેના તમામ હીસાબો દેવું લેણુ વિગેરે સમજી છુટા થઈ શકશે. આવા સંજોગોમાં પેઢી સમેટી લેવામાં આવશે નહી પરંતુ બાકીના ભાગીદારોથી પેઢી ચાલુ રાખવામાં આવશે તેમજ તમામ ભગીદારોની પરસ્પર સમજુતી અને સમંતિથી નવા ભગીદાર દાખલ કરી શકશે.

(૧૯).. ભાગીદારી પેઢીમાં પેઢીના નામે કોઈપણ ભાગીદારે જામીનગીરી આપવાની નથી અને આપશે તો તે પોતે અંગત રીતે જવાબદાર ગણાશે.

(૨૦).. આપણા ભાગીદારો પૈકી કોઈપણ ભાગીદારનુ અકાળે મૃત્યુ થાય તો તેવા સંજોગોમાં આપણી ભાગીદારી પેઢીનુ વિસર્જન થયેલુ ગણવાનુ નથી પરંતુ મૃત્યુ પામેલ ભાગીદારનાં વારસદારને ભાગીદાર તરીકે ગણીને ભાગીદારી પેઢી ચાલુ રાખવાની છે.

(૨૧).. સંજોગોવસાતમાં ભાગીદારી પેઢીનો અંત આવે ત્યારે સમગ્ર સમય દરમ્યાન ઉભી થયેલી જવાબદારીઓ તથા ગુડવીલ અને મિલકતો વિગેરેની માલિકી સર્વે ભાગીદારોની વચ્ચે તેમના નફા-નુકસાનમાંના વરાડે વહેચવાની રહેશે.

(૨૨).. કોઈપણ ભાગીદારે બીજા ભાગીદારોની સંમતી સિવાય પેઢીમાંનો પોતાનો હક્ક કે હીસ્સો બીજા કોઈપણને મોર્ગેજ, એસાઈન, ટ્રાન્સફર કે બક્ષીસ કરી શકશે નહી કે અન્ય રીતે તબદીલી કરી શકશે નહીં.

(૨૩).. ઉપરના દસ્તાવેજમાં સમાવિષ્ટ અગર નિર્દિષ્ટ ન કરાયેલ બાબતોના પ્રશ્નો અંગે સદરહુ પેઢી ઈન્ડીયન પાર્ટનશીપ એકટ ૧૯૩૨ ની જોગવાઈઓ તથા નિયમો/અધિનિયમોને અનુસરશે.

(૨૪).. ભાગીદારો વચ્ચે ભાગીદારી પેઢીના વહીવટ અંગે અને આ દસ્તાવેજની કલમના અમલ અંગે મતભેદો કે ઝઘડો પડે તો તેનો નિકાલ આરબીટ્રેશન એકટ મુબજ એક વ્યકિત કે વ્યકિતઓના બનેલા લવાદ કે લવાદ પંચ દ્રારા લાવવાનો રહેશે અને આ લવાદ કે લવાદ પંચનો ચુકાદો છેવટનો ગણાંશે અને કોઈપણ સંજોગોમાં કોઈપણ ભાગીદારે લવાદીનો આશરો લીધા સિવાય કોર્ટમાં જવાનું નથી.

આ ભાગીદારીનો દસ્તાવેજ આપણે તમામ ભાગીદારોએ સાથે મળીને સંપૂર્ણપણે સમજી, વિચારીને શુભનિષ્ઠાથી, બીનદબાણે, બીન કેફીયતે, તનમનના સંપુર્ણ સાવધાનપણામાં કર્યો છે જે આપણે તમામ ભાગીદારોને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

તા.૦૯-૧૦-૨૦૧૧ ના દિને શહેર અમદાવાદ મધ્યે.

અત્રે ................................ મતુ અત્રે .................................. શાખ.

N. M. Patel

31 JAN 2012

AHD-6/NRD
871 10 19
2012



(૧).....
(મહેન્દ્રભાઈ જીણાભાઈ વાડદોરીયા)



(૨)................................
(જગદીશભાઈ જીણાભાઈ વાડદોરીયા)



(૩)................................
(ભુપતભાઈ સવજીભાઈ ભાલાળા)



(૪)................................
(ઘનશ્યામભાઈ સવજીભાઈ ભાલાળા)

31 JAN 2012

AHD-6/NRD
871 | 19 | 19
2012



૧-૧૦-૨૦૧૧
(૫) કિશોર એમ. બગડીયા
(કિશોરભાઈ મોહનભાઈ બગડીયા)

THE SEAL OF THE SUB REGISTRAR OF ... AHMEDABAD-6



૧/૧૦/૨૦૧૧
(૬) N. M. Patel
(નરેશભાઈ મોહનભાઈ કેવડીયા)



THE SEAL OF THE SUB REGISTRAR OF NARODA, AHMEDABAD-6 / નરોડા, અમદાવાદ-૬

૯/૧૦/૨૦૧૧
(૭) બી.કે. કાકડીયા
(ભીમજીભાઈ કેશુભાઈ કાકડીયા)



(૮) [signature] ૧-૧૦-૨૦૧૧
(ગોપાળભાઈ ભીમજીભાઈ નાવડીયા)

31 JAN 2012

THE SEAL OF THE SUB REGISTRAR OF
સબ-રજીસ્ટ્રારનો સિક્કો
નરોડા, અમદાવાદ-૬
NARODA, AHMEDABAD-6

સાક્ષી :-

(૧) ..........

(૨) ..........

AHD-6/NRD

871 12 19

2012

31 JAN 2012

સન ૨૦૧૨ ના જાન્યુઆરી માસના

# ગામ નમુનો નંબર ૭ અને ૧૨

પાનું : 1 of 1

બ્લોક/સરવે નંબર : ૨૨૭

સત્તા પ્રકાર : જુની શરત (જુ.શ) **871** મોજે : મુઠીયા

ખેતરનું નામ : તાલુકો : દશકોઈ

અન્ય વિગતો : TP૨૪૩ FP૫૯ ની ૧૨૬૮૭ચો.મી. ઔદ્યોગીક હેતુ બિનખેતી જીલ્લો : અમદાવાદ

| લાયક જમીન | ક્ષેત્રફળ હે. આરે. ચોમી. | ખાતા નંબર/ક્ષેત્રફળ/આકાર હે. આરે. ચોમી. | નોંધ નંબરો અને કબ્જેદારો ના નામ |
|---|---|---|---|
| જરાયત | ૨-૧૧-૪૫ | | ૧૧૪૦,૧૪૬૦,૧૯૮૮,૧૯૯૨,૧૯૯૪,૨૦૭૫,૨૨૯૩, |
| ------------------- | ---------- | | ------------------------------------------------------------ |
| કુલ ક્ષેત્રફળ | ૨-૧૧-૪૫ | ૧૮૪ \| ૨-૧૧-૪૫ \| ૧૫.૧૨ | કિશોરભાઈ મોહનભાઈ(૧૯૯૪) |
| આકાર રૂ. | ૧૫.૧૨ | | ગોપાળભાઈ ભીમજીભાઈ(૧૯૯૪) |
| જુડી તથા વિષેશધારો રૂ | ૫૦૭૫.૦૦ | | નરેશભાઈ મોહનભાઈ કેવડીયા(૧૯૯૪) |
| પાણીભાગ રૂ. | 0.00 | | ભીમજીભાઈ કેશુભાઈ કાકડીયા(૧૯૯૪) |

| ગણોતિયાની વિગતો | બીજા હકો અને બોજાની વિગતો |
|---|---|
| | ૧૩૧૯,૨૨૯૩,<br>------------------------------------------------<br>TP૨૪૩ FP૫૯ ની ૧૨૬૮૭ચો.મી. ઔદ્યોગીક હેતુ બિનખેતી<૨૨૯૩> |

## ગામ નમુનો નંબર ૧૨

| વર્ષ | ખેડૂતનું નામ | મોસમ | પાક | ક્ષેત્રફળ હે. આરે. ચોમી. | ખેડની રીત | સિંચાઇનાં સ્રોત/સાધનો | વૃક્ષો અને તેની સંખ્યા | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૧-૨૦૧૨ | માહિતી નથી. | | | | | | | |
| ૨૦૧૦-૨૦૧૧ | માહિતી નથી. | | | | | | | |
| ૨૦૦૯-૨૦૧૦ | કિશોરભાઈ મોહનભાઈ | ખરીફ | જુવાર | ૧-૧૦-૨૭ | જાતે | સાધન નથી/---- | | |
| | ગોપાળભાઈ ભીમજીભાઈ | | બાજરી | ૦-૮૦-૯૪ | જાતે | | | |
| | નરેશભાઈ મોહનભાઈ કેવડીયા | | મગ | ૦-૧૦-૧૨ | જાતે | | | |
| | ભીમજીભાઈ કેશુભાઈ કાકડીયા | | તુવેર | ૦-૧૦-૧૨ | જાતે | | | |

AHD-6/NRD

871 1 13 19

2012

THE SEAL OF THE SUB REGISTRAR OF NARODA AHMEDABAD

સબ-રજીસ્ટ્રારનો સિક્કો

NOTARY H. L. PATEL GUJARAT STATE GOVT. OF GUJARAT (INDIA)

TRUE COPY

H. L. PATEL
NOTARY
GOVT. OF GUJARAT

નામંજુર &-તકરારી •-૨૬

/03/2011 02:47 pm ની સ્થિતિએ

પ્રાણની-નકલ/ Chargable Copy અંકે રૂ. 5/- (રૂપીયા પાંચ પુરા) મળેલ છે, આભાર સહ.

જન્ય : રાષ્ટ્રીય સૂચના-વિજ્ઞાન કેન્દ્ર, ગુજરાત રાજ્ય 25/01/2012 04:08:37 pm

# ગામ નમુનો નંબર ૭ અને ૧૨



બ્લોક/સરવે નંબર : ૨૨૬

871

સત્તા પ્રકાર : જુની શરત (જુ.શ)

મોજે : મુઠીયા

ખેતરનું નામ :

તાલુકો : દશક્રોઈ

અન્ય વિગતો : ટી.પી. ૨૪૩ એફ.પી. ૫૮ ની ૩૪૬૦ ચો.મી. ઔદ્યોગીક હેતુ બિનખેતી, વિ.ધારો રૂ. ૧૩૮૪/-

જીલ્લો : અમદાવાદ

| લાયક જમીન | ક્ષેત્રફળ હે. આરે. ચોમી. | ખાતા નંબર/ક્ષેત્રફળ/આકાર હે. આરે. ચોમી. | નોંધ નંબરો અને કબ્જેદારો ના નામ |
|---|---|---|---|
| જરાયત | ૦-૫૭-૬૭ | | ૧૧૪૦,૧૪૧૨,૧૯૮૪,૨૨૮૫,૨૩૪૨, |
| ------------------- | ---------- | | |
| કુલ ક્ષેત્રફળ | ૦-૫૭-૬૭ | ૨૩૪ \| ૦-૫૭-૬૭ \| ૪.૧૯ | મહેન્દ્રભાઈ જીણાભાઈ વાડદોરીયા(૨૨૮૫) |
| આકાર રૂ. | ૪.૧૯ | | જગદીશભાઈ જીણાભાઈ વાડદોરીયા(૨૨૮૫) |
| જુડી તથા વિશેષધારો રૂ | 0.00 | | ભુપતભાઈ સવજીભાઈ ભાલાળા(૨૨૮૫) |
| પાણીભાગ રૂ. | 0.00 | | ઘનશ્યામભાઈ સવજીભાઈ ભાલાળા(૨૨૮૫) |

| ગણોતિયાની વિગતો | બીજા હકો અને બોજાની વિગતો |
|---|---|
| | ૧૨૪૦,૧૩૧૧,૧૩૧૯,<br>-----------------------------------------------<br>ટી.પી. ૨૪૩ એફ.પી. ૫૮ ની ૩૪૬૦ ચો.મી. ઔદ્યોગીક હેતુ બિનખેતી, વિ.ધારો રૂ. ૧૩૮૪/- <૨૩૪૨> |

## ગામ નમુનો નંબર ૧૨

| વર્ષ | ખેડૂતનું નામ | મોસમ | પાક | ક્ષેત્રફળ હે. આરે. ચોમી. | ખેડની રીત | સિંચાઇનાં સ્રોત/સાધનો | વૃક્ષો અને તેની સંખ્યા | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૧-૨૦૧૨ | માહિતી નથી. | | | | | | | |
| ૨૦૧૦-૨૦૧૧ | માહિતી નથી. | | | | | | | |
| ૨૦૦૯-૨૦૧૦ | રમેશભાઇ પોપટભાઇ હીરપરા | ખરીફ | જુવાર | ૦-૩૭-૦૦ | જાતે | સાધન નથી/---- | | |
| | ઘનશ્યામભાઇ પોપટભાઇ હીરપરા | ખરીફ | બાજરી | ૦-૨૦-૬૭ | જાતે | | | |

AHD-6/NRD

871 14 19

2012

THE SEAL OF THE SUB REGISTRAR OF ... સબ-રજીસ્ટ્રારનો સિક્કો ... નરોડા

TRUE COPY

H. L. PATEL
NOTARY
GOVT. OF GUJARAT

NOTARY H. L. PATEL AHMEDABAD DIST. GUJARAT STATE REGD NO. 881 GOVT. OF GUJARAT (INDIA)

#-નામંજુર &-તકરારી *-૨૬

18/09/2011 02:06 pm ની સ્થિતિએ

વેચાણની નકલ/ Chargable Copy અંકે રૂ. 5/- (રૂપીયા પાંચ પુરા) મળેલ છે, આભાર સહ.

સૌજન્ય : રાષ્ટ્રીય સૂચના-વિજ્ઞાન કેન્દ્ર, ગુજરાત રાજ્ય 25/01/2012 04:08:27 pm

# ગામ નમુનો નંબર ૬ - હક પત્રક

જીલ્લો: અમદાવાદ    તાલુકો: દશક્રોઈ    મોજે: મુઠીયા

| નોંધ નં : તારીખ : ફેરફાર નો પ્રકાર: | નોંધની વિગત | ફેરફારને સંબંધિત સરવે/બ્લોક નંબર અને પેટા હિસ્સો તથા તેનો ખાતા નંબર | અગાઉની નામંજુર નોંધનો ક્રમાંક/તારીખ | તપાસણી કરનાર અધિકારી નો શેરો અને સહી/તારીખ તથા નામ/ હોદ્દો |
|---|---|---|---|---|
| ૨૩૪૨<br>08/06/2011<br>હુકમથી | મોજે-મુઠીયા તા.દશક્રોઇ ના સ.નં. ૨૨૬ ટી.પી. ૨૪૩ ના ફા.પ્લોટ નં. ૫૮ ની ૩૪૬૦ ચો.મી. જમીન માં ઔદ્યોગિક ઉપયોગ હેતુ મે. જીલ્લા કલેકટરશ્રી અમદાવાદના હુકમ નં.LAND-2/એન.એ./એસ.આર.નં. ૫૧૨/૧૦/સી-૬૦૪૮૩ તા. ૨૯/૧૧/૨૦૧૦ થી ૧ થી ૧૩ શરતોને આધિન બિનખેતીની પરવાનગી આપતાં રેકર્ડમાં જરૂરી નોંધ કરી. | ૨૨૬(૨૩૪) | | પ્રમાણિત<br>નો.રજી.પો. થી. આપેલ છે.<br>હુકમ આધારે<br>- પ્રમાણિત -<br>વી. બી. પારેખ<br>સ. ઓ. વહેલાલ<br>તા. ૩૦/૮/૧૧ |

THE SEAL OF THE SUB REGISTRAR OF NARODA, AHMEDABAD-6

AHD-6/NRD 871 19 2012

871

TRUE COPY
H. L. PATEL
NOTARY
GOVT. OF GUJARAT

NOTARY H. L. PATEL AHMEDABAD GUJARAT STATE GOVT. OF GUJARAT

13/09/2011 02:06 pm ની સ્થિતિએ
દેચાણ/નુકલ/ Chargable Copy અંકે રૂ. 5/- (રૂપીયા પાંચ પુરા) મળેલ છે, આભાર સહ.
સૌજન્ય : રાષ્ટ્રીય સૂચના-વિજ્ઞાન કેન્દ્ર, ગુજરાત રાજ્ય

25/01/2012 04:09:36 pm

સન ૨૦૧૨ ના જાન્યુઆરી માસના

# ગામ નમુનો નંબર ૬ - હક પત્રક

જીલ્લો: અમદાવાદ    તાલુકો: દશક્રોઈ    મોજે: મુઠીયા

| નોંધ નં :<br>તારીખ :<br>ફેરફાર નો પ્રકાર: | નોંધની વિગત | ફેરફારને સંબંધિત સરવે/બ્લોક નંબર અને પેટા હિસ્સો તથા તેનો ખાતા નંબર | અગાઉની નામંજુર નોંધનો ક્રમાંક/તારીખ | તપાસણી કરનાર અધિકારી નો શેરો અને સહી/તારીખ તથા નામ/ હોદ્દો |
|---|---|---|---|---|
| ૨૨૯૩<br>04/01/2011<br>બીન ખેતી | દશક્રોઈ તાલુકાના મોજે મુઠીયા ગામના ખાતેદાર ખેડુત શ્રી એ પોતાના ખાતા ની સિમ જમીન નાસર્વેનંબર- ૨૨૭ ના ટી.પી. નં ૨૪૩ ફા પ્લોટ નં ૫૯ ની હે. ૧૨૯૮૭ ચોમી ની જમીન ઔધોગિક હેતુમાટે બિનખેતી માટે હેતુફેર કરવા માંગણી કરતા શ્રી જીલ્લા કલે. સાહેબ ના હુકમ નં સીબી/LAND-૨/એનએ/એસઆર ૫૧૧/૨૦૧૦ તારીખ ૨૯-૧૧-૨૦૧૦ નો હુકમ થઈ આવતા હુકમ આધારે નોંધ કરી.<br>નંબર હેતુ | ૨૨૭(૧૮૪), | | પ્રમાણિત<br>હુકમ આધારે<br>- પ્રમાણિત -<br>એમ. આર. ચૌહાણ<br>સ. ઓ. વહેલાલ<br>તા. ૧૭/૨/૧૧ |

THE SEAL OF THE SUB REGISTRAR OF ... AHMEDABAD 6

AHD 6/NRD
871 / 16 / 19
2012

TRUE COPY
H. L. PATEL
NOTARY
GOVT. OF GUJARAT

13/03/2011 12:58 pm ની સ્થિતિએ
વેચાણની નકલ/ Chargable Copy અંકે રૂ. 5/- (રૂપીયા પાંચ પુરા) મળેલ છે, આભાર સહ.
સૌજન્ય : રાષ્ટ્રીય સૂચના-વિજ્ઞાન કેન્દ્ર, ગુજરાત રાજ્ય

25/01/2012 04:09:48 pm

સન ૨૦૧૨ ના જાન્યુઆરી માસની

અનુક્રમ નંબર ૮૭૧
સને ૨૦૧૨ ના જાન્યુઆરી માસની
૩૧ મી તારીખે ૩.૦૦ થી ૪.૦૦
વાગ્યાની વચ્ચે અમદાવાદ-૬(નરોડા) સબ
રજીસ્ટ્રારની કચેરીમાં રજુ કર્યો.

| | |
|---|---|
| પહોંચ નંબર :- | ૨૦૧૨૦૦૬૦૦૧૫૬૮ |
| ફી પહોંચી છે તે | રુ. પૈસા. |
| નોંધવાની ફી :- | ૬૪૫૮૮૦ |
| ફોટો ફી પાનના( ૨૨):- | ૨૨૦ |
| ટપાલ :- | ૦ |
| એકંદરે કુલ :- | ૬૪૬૧૦૦ |

( અંકે રુપિયા છ લાખ સેતાલીસ હજાર એકસો પુરા.)




મહેન્દ્રભાઈ જીણાભાઈ વાડદોરીયા

THE SEAL OF THE SUB REGISTRAR OF NARODA, AHMEDABAD-6
સબ રજીસ્ટ્રારનો સિક્કો
નરોડા, અમદાવાદ-૬

( મા.ધ.મકવાણા )
સબ રજીસ્ટ્રાર
અમદાવાદ-૬(નરોડા)

( મા.ધ.મકવાણા )
સબ રજીસ્ટ્રાર
અમદાવાદ-૬(નરોડા)

| અનું. નંબર | પક્ષકારનું નામ અને સરનામુ | | | ડા.હા.અં.ની છાપ | સહી |
|---|---|---|---|---|---|
| | આપનાર<br>મહેન્દ્રભાઈ જીણાભાઈ વાડદોરીયા (વેપાર)<br>૧૧, રાધાકૃષ્ણ ફ્લેટ, બાપુનગર, અમદાવાદ | ૦ |  |  | |
| | જગદીશભાઈ જીણાભાઈ વાડદોરીયા (ખેતી)<br>એ-૩૭. હરીઓમ સોસા., ઠક્કરબાપાનગર, અમદાવાદ | ૦ |  |  | |
| | ભુપતભાઈ સવજીભાઈ ભાલાળા (ખેતી)<br>૩૯, વિક્રમપાર્ક, ઠક્કરબાપાનગર, અમદાવાદ | ૦ |  |  | |
| | ઘનશ્યામભાઈ સવજીભાઈ ભાલાળા (ખેતી)<br>૬૨, સોનલપાર્ક વિ-૧, સૈજપુરબોઘા, અમદાવાદ | ૦ |  |  | |
| | કિશોરભાઈ મોહનભાઈ બગડીયા (વેપાર)<br>૬૦, ધર્મજીવન ટેનામેન્ટ, સૈજપુરબોઘા, અમદાવાદ | ૦ |  |  | |

AHD-6/NRD
871 19
2012

આપનાર

) નરેશભાઈ મોહનભાઈ કેવડીયા (વેપાર) ૦
૨૦, ગ્રીન પેલેસ, બાપુનગર, અમદાવાદ




x N.M. Patel

) ભીમજીભાઈ કેશુભાઈ કાકડીયા (વેપાર) ૦
બી-૧૬, માતૃશક્તિ સોસા., બાપુનગર,
અમદાવાદ




x [illegible]

ગોપાળભાઈ ભીમજીભાઈ નાવડીયા (વેપાર) ૦
૯, જીવરાજપાર્ક સોસા., બાપુનગર,
અમદાવાદ




+ [illegible]

| દસ્તાવેજ લખી આપનાર<br>આ દસ્તાવેજ લખી<br>આપ્યાનું કબુલ કરે છે. |
|---|

૧. ભરતભાઈ રવજીભાઈ પટેલ
૧-૪, જયજલધારા ફ્લેટ, ઈન્ડીયાકોલોની, અમદાવાદ




૨. ભગવાનભાઈ મોહનભાઈ કથીરીયા
૧૫, ઘનશ્યામનગર સોસા, હિરાવાડી, અમદાવાદ




| તેઓ કહે છે કે સદરહુ લખી આપનારને તેઓ જાતે<br>ઓળખે છે. અને તેમની ઓળખાણ આપે છે. |
|---|

AHD-6/NRD
871 18 / 19
2012

૧. [illegible]

૨. + [illegible]

તારીખ ૩૧ માહે જાન્યુઆરી - ૨૦૧૨

[illegible]
( મા.ધ.મકવાણા )
સબ રજીસ્ટ્રાર
અમદાવાદ-૬(નરોડા)

THE SEAL OF THE SUB REGISTRAR OF ... 6
સબ-રજીસ્ટ્રારનો સિક્કો

આ સાથે લેનાર, આપનાર તથા ઓળખાણ આપનાર ના
ઓળખ અંગેના પ્રમાણીત પુરાવા રજુ કરેલ છે.

તારીખ: ૩૧/૦૧/૨૦૧૨

( મા.ધ.મકવાણા )
સબ રજીસ્ટ્રાર
અમદાવાદ-૬(નરોડા)

AHD-6/NRD
871 19 19
2012

૧ નંબરની બુકના ૮૭૧ નંબરે નોંધયો
તારીખ : ૩૧/૦૧/૨૦૧૨

( મા.ધ.મકવાણા )
સબ રજીસ્ટ્રાર
અમદાવાદ-૬(નરોડા)

THE SEAL OF THE SUB REGISTRAR OF NARODA, AHMEDABAD-6
સબ-રજીસ્ટ્રારનો સિક્કો
નરોડા, અમદાવાદ-૬